# શ્રી આનંદ કલ્યાણ

વિ.સં. ૨૦૭૯, અધિક શ્રાવણ વદ-૧૪ ● તા.૧૫-૦૮-૨૦૨૩ ● અંક : ૧૯

19



## શેઠ આણંદજી કલ્યાણજી

“સહુને આનંદ સહુનું કલ્યાણ”

અમદાવાદ

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

**સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?**
**રૂા. ૫૪૦૦ આપી સહભાગી થઈએ.**

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 5010016 5224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



# શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૯ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦


## શત્રુંજય સ્તવના

*આજ સષી મઈ નયણે નિરષ્યો વિમલાચલ ડુંગરીયો રે;*
*જાંણું ચિંતામણિ મઈ પામ્યું ભવસાયર હું તરીયો રે,* આ.૧
*કામધેનું મુઝ આંગણિ આવી કલ્પવૃક્ષ ધરિ ફલીયો રે;*
*યુગલાધર્મ નિવારણ સ્વામી ઋષભદેવ જો મુઝ મલીયો રે.* આ.૨
*ષટ ષંડ ચૌદરયણ નેં નવનિધ ચક્રવર્તિ પદ પાંમ્યું રે;*
*જો શેત્રુંજો ડુંગર ફરસી ઋષભદેવ સિર નામ્યું રે.* આ.૩
*બારઈ દેવલોક મેં લાધા ગ્રૈવેક નવ ભોગ રે;*
*સરવારથ સિદ્ધિનાં સુખ વિલસ્યાં જો શેત્રુંજય સંયોગ રે.* આ.૪
*મુગતિ મલી મુઝનિં મટકાલી જેહનો અવીહડ અંગ રે;*
*ભાગ્ય જોગ્યેં જો ગિર પાંમ્યો તો હું થયોં અભંગ રે.* આ.૫
*દશ દષ્ટાંતે દોહિલો લાધો માણસનો ભવ શુદ્ધ રે;*
*શ્રાવકકુલ શેત્રુંજેં યાત્રા જિમ સાકર જિમ દુધ રે.* આ.૬
*સિદ્ધ અનંત એણિં વિમલાચલે કાકરિ કાકરિ કહીઈ રે;*
*તીણેં સિદ્ધાચલ નામ પ્રસિધુ એહનેં ધ્યાને રહીયેં રે.* આ.૭

*(પૂજ્ય શ્રી ભાનુચંદ્રજી ઉપાધ્યાયના શિષ્ય પંડિત દેવચંદ્રજી દ્વારા વિ.સં. ૧૬૯૫ આસપાસ રચાયેલ 'શત્રુંજય તીર્થ.. પરિપાટી' માંથી (ઢાળ-૫, ગાથા-૧થી૭)*


: પ્રકંશક :

શેઠ આણંદજી કલ્યાણજી

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૭ સળંગ અંક : ૧૯

**પ્રકાશન**

**વિ.સં. ૨૦૭૯, અધિક શ્રાવણ વદ-૧૪ તા.૧૫-૦૮-૨૦૨૩, મંગળવાર**

**પ્રકાશક :**

**નૈમિષ ભરતકુમાર શાહ** (જનરલ મેનેજર)

**શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**

**ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦**

**E–mail : shree_sangh@yahoo.com**

**Website : www.shethanandjikalyanjipedhi.org**

*મુદ્રક :* **નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭**

## પાલીતાણા ખાતે ચાતુર્માસ આરાધના

*૧૫ આચાર્ય ભગવંતો સાથે કુલે ૧૮૩ પૂજ્ય સાધુ ભગવંતો તથા ૬૧૪ સાધ્વીજી ભગવતો ગિરિરાજની સ્પર્શના કરવા પૂર્વક ચાતુર્માસ આરાધના માટે પાલીતાણા-તળેટી સ્થિત જુદી જુદી ધર્મશાળાઓમાં તથા ઉપાશ્રયોમાં બિરાજમાન છે.*

*તેઓશ્રીની પાવનકારી નિશ્રામાં અલગ અલગ ૧૮સ્થાનોમાં ૭ હજાર ૫૩૫ જેટલા આરાધકો ચાતુર્માસની વિવિધ આરાધના કરી રહ્યા છે.*

## પેઢી સંચાલિત તીર્થો ખાતે જીર્ણોદ્ધાર તથા અન્ય કાર્યો

(તા.૨૫.૦૬.૨૦૨૩ની વાર્ષિક મિટીંગમાં રજુ થયેલ રિપોર્ટના આધારે)

### તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ, પાલીતાણા :

✡. *શાશ્વત ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના ઘેટીપાગ વિસ્તારમાં પ્રાચીન સમયથી શ્રી આદીશ્વરભગવાનની ચરણપાદુકાનું જિનાલય હતુ તેના જીર્ણોદ્ધારની આવશ્યકતા જણાતા જિનાલયમાં બિરાજમાન શ્રી આદીશ્વર ભગવાનની ચરણપાદુકાનું ઉત્થાપન કર્યા વગર દેરાસરનો જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. જેનું ભૂમિપૂજન સંવત ૨૦૭૯ માગસર સુદ-૧૨, તા. ૦૪/૧૨/૨૦૨૨નાં રોજ સંપૂર્ણ વિધિ પૂર્વક કરવામાં આવેલ છે તથા સંવત ૨૦૭૯ મહા સુદ-૭ તા. ૨૮/૦૧/૨૩ના રોજ શિલાસ્થાપનનો પ્રસંગ સંપન્ન થયો હતો.*

✡. *પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર નવટૂંકમાં આવેલ શ્રી છીપાવસહી ટૂંકમાં શ્રી અજીત શાંતિ દેરી પાસે યાત્રિકો સુંદર રીતે આરાધના કરી શકે, પૂજા-પૂજન વિગેરે ક્રિયાઓ સારી રીતે થઈ શકે તે માટે કાષ્ટનો મંડપ બનાવવામાં આવેલ છે. ચાલુ વર્ષે ચૈત્ર સુદ-૧૫ના રોજ શ્રી પુંડરીક સ્વામીની દેવવંદનની આરાધના માટે યાત્રિકોએ ખૂબ જ સારા પ્રમાણમાં લાભ લીધેલ*

### પૂર્ણ થયેલા કાર્યો :-

✡. *પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર ઘેટી દરવાજેથી તેમજ નવટૂંકમાંથી પધારતા યાત્રિકો માટે અમીઝરા ગેટનું રીનોવેશન*

✡. *શ્રી પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર મુખ્ય જિનાલયના ગર્ભગૃહની બહાર કોળીમંડપમાં ચાંદીના પતરાનું છત્ર (સીલીંગ) નું કાર્ય.*

✡. *શ્રી પવિત્ર શત્રુંજય ગિરિરાજ શ્રી આદીશ્વર ભગવાન મુખ્ય દેરાસરના ઉપરના માળે સમોવસરણની તથા શ્રી આદીશ્વર ભગવાન જિનાલય ગભારાની બહાર દેરાસરના રંગમંડપમાં આવેલ હાથી પર બિરાજમાન મરુદેવી માતાની પ્રતિમા પર પેઈન્ટીંગ તથા આરસના હાથી ઉપર ફિનીશીંગ.*

✡. શ્રી આદીશ્વર ભગવાનના મુખ્ય દેરાસરના ગભારામાં ચાંદીની કઠેડી રિપેરીંગ કરવામાં આવી છે.

✡. શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર તાઉ-તે વાવાઝોડા દરમ્યાન ક્ષતિગ્રસ્ત ધ્વજદંડો નવા બનાવવા તથા શ્રી વીશ વિહરમાન જિનાલયના અને નવટૂંકમાં આવેલ શ્રી નરશીનાથા જિનાલયના કળશને સોનાના વરખથી રસવા અને તેની પ્રતિષ્ઠા સંવત ૨૦૭૮ના વૈશાખ વદ-૬ના રોજ ખૂબજ ઉલ્લાસ પૂર્વક થઈ મુખ્ય જિનાલયની સાલગીરી પ્રસંગે મોટીટૂંક તથા નવટૂંક સહિત દેરાસર દરેક દેરીઓના ધજાદંડની ધજા ધારણ કરાવવામાં આવી હતી.

✡. ગિરિરાજ ઉપર નવટૂંકમાં આવેલ શ્રી ઉજમફઈની ટૂંકમાં ચોકના તળીયામાં આરસ ઘસાઈ તથા ફિટીંગની કામગીરી.

✡. જી.જી. કુંડ પાસે આરસની દિવાલનું ફિટીંગ તથા ઘસાઈ કામ

✡. ગિરિરાજ ઉપર આવેલ નવટૂંકમાંથી બાલાભાઈ ટૂંકના રસ્તા પર આરસની બેઠક કઠોડીના ફિટીંગની કામગીરી.

✡. ગિરિરાજ ઉપર આવેલ નવટૂંકમાં શ્રી સાકરશાહની ટૂંકની ભમતીના ગભારાનું ફિનીશીંગ કાર્ય.

✡. નવટૂંકમાં આવેલ શ્રી હેમાભાઈ ટૂંકના આરસના હાથી વિગેરે ચડામણની કામગીરી.

✡. ગિરિરાજના મોટારસ્તે આવેલ પદ્માવતીકુંડ તથા બાવળકુંડ, ગિરિરાજ ઉપર ગઢ-વિસ્તારમાં આવેલ ધરણીધર કુંડ, ખોડિયાર કુંડ, સગાળપોળ કુંડ, સી.પી.ડબ્લ્યુ.ડી. કુંડ, પીર કુંડ તથા ઘેટી રસ્તે આવેલ દેવ કુંડની સફાઈતથા ચુનો કરવાનું કામ.

✡. ગિરિરાજ ઉપર નવટૂંકમાં આવેલ શ્રી પાંચપાંડવ દેરાસરમાં જનરલ ફિનીશીંગનું કાર્ય તથા ચોક તળિયામાં આરસ ફિટીંગની કામગીરી.

✡. નવટૂંકમાં આવેલ છીપાવસહી ટૂંક તથા મોદીની ટૂંક બહાર આવેલ ખોડિયાર કુંડ વિસ્તારમાં આરસની કઠોડી (રેલીંગ-જાળી)

✡. નવટૂંકમાં શ્રી છીપાવસહીમાં આવેલ શ્રી અજીતશાંતિ દેરીનું ઘસાઈ કામ.

✡. ચૌમુખજીની ટૂંકમાં મુખ્ય દેરાસરમાં આરસના હાથીનું રીપેરીંગ તથા પેન્ટિંગનું કામ.

✡. પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર નવટૂંકમાં ચૌમુખજી જિનાલયના દરવાજા (ચોકીયાળા સાથે) નવા બનાવી ફિટીંગ

✡. પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર સ્ત્રીઓની પૂજા તથા પક્ષાલ માટેની લાઈન વ્યવસ્થિત રહે તે માટે પિત્તળની નવી રેલીંગ.

✡. પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર મુખ્ય જિનાલય પાસે આવેલ શ્રી રાયણ ચરણપાદુકા, રાયણવૃક્ષનો વિસ્તાર તથા તેની આજુબાજુ વૃક્ષોના પ્લાન્ટેશનની કામગીરી.

✡. પવિત્ર શત્રુંજય ગિરિરાજ ઉપર આવેલ શ્રી દેવકીપુત્ર દેરીની નવી જાળીનું ફિટીંગ.

<u>ચાલતા કાર્યો</u> :

✡. મુખ્ય મોટીટૂંકમાં ચાલતા કામો માટે માલ-સામાન સરળતાથી લઈ જઈ શકાય તે માટે અમીઝરા ગેટ બહારની બાજુ રસ્તો

✡. નવટૂંક તથા મોટીટૂંકમાં દેરીઓના નવા દરવાજા બનતા જૂના દરવાજા ગિરિરાજથી નીચે ઉતારવાની કામગીરી

✡. ગિરિરાજ ઉપર આવેલ નવટૂંકમાં શ્રી સાકરશાહની ટૂંકમાં તળીયાના આરસનું ફિટીંગ કામ ચાલુ છે. ગઢની દિવાલના પત્થર, મૂર્તિ બોક્ષ

✡. હાલ સાકરશાની બહારની દિવાલે આરસ ફિટીંગ કામગીરી ચાલુ છે.

ગિરિરાજ ઉપર નવટૂંકમાં આવેલ શ્રી પાંચપાંડવ દેરાસરમાં ઘસાઈનું કામ હાલ ચાલુ છે. દેરાસરનાં પગથીયા પર ગ્રુવિંગ(ખાંચા પાડવા)નું કામ બાકી છે.

✡. ચૌમુખજીની ટૂંકમાં મુખ્ય દેરાસની ભમતીમાં ફિનીશીગનું કામ તથા ઘસાઈનું કામ.

✡. નવટૂંકમાં ચૌમુખજી જિનાલયના દરવાજા ઉપર પી.યુ.કોટીંગ અને પોલીશીંગની કામગીરી.

✡. નવટૂંકમાં શ્રી અદબદજી દાદાના દેરાસરમાં યાત્રિકો વધુ લાભ લઈ શકે તે માટે ખુલ્લી જગ્યા કરવાની કામગીરી.

✡. પવિત્ર શત્રુંજય ગિરિરાજના મોટા રસ્તે આવેલ શ્રી પૂજની ટૂંક (શ્રી પદ્માવતી ટૂંક)માં ચોવીસ તીર્થંકર પ્રભુ ચરણપાદુકા દેરીના ચોક તળીયાની કામગીરી.

✡. ગિરિરાજ ઉપર નવટૂંકમાં શ્રી મોદીની ટૂંકમાં પ્રવેશતા ડાબી બાજુ આવેલ દેરાસરના આરસ ઘસાઈ કામ.

**<u>સિવિલના કામની વિગત :-</u>**

**<u>પૂર્ણ થયેલા કાર્યો</u>** :

✡. પૂજ્ય ગુરૂભગવંત તથા યાત્રિકો ખુલ્લા પગે યાત્રા કરતા ઉનાળામાં તકલીફ ન પડે તે માટે ગઢ વિસ્તાર તથા મોટા રસ્તે સફેદ પટ્ટાની કામગીરી.

**<u>ચાલતા કાર્યો</u>** :

✡. ગિરિરાજ ઉપર ઉત્તરોત્તર યાત્રિકોની સંખ્યામાં વધારો થતો હોઈ સગાળપોળ પાસે નવુ ન્હાવાના ધાબાનું કામ. તેમજ સગાળપોળ પાસે આવેલ કાચા તથા ઉકાળેલ પાણીની હાલ વ્યવસ્થા સગાળ પોળ બહાર નવટૂંક જવાના રસ્તે કરવામાં આવેલ છે.

✡. રામપોળના દરવાજાનું રિપેરીંગ કામ.

✡. નવ્વાણુ કરનારા યાત્રિકો અથવા અન્ય યાત્રિકો માટે ઘેટીની બારી પાસે ધરણીધરકુંડ સામે ઉકાળેલ તથા કાચાપાણીની પરબ બનાવવાનું કામ.

**સંપન્ન થયેલ અનુષ્ઠાનની વિગત :-**

✡. *તારીખ ૧/૪/૨૦૨૨ થી ૩૧/૩/૨૦૨૩ સુધીમાં કુલ ૭૫ છ'રી પાલિત સંઘનો પ્રવેશ થયો.*

✡. *એપ્રીલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ સુધીમાં ૪,૮૨,૩૮૯ યાત્રિકો તથા ૭૧૪ વિદેશી યાત્રિકોએ યાત્રાનો લાભ લીધો.*

✡. *ભાતાઘરમાં તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં કુલ ૩,૨૪,૨૯૬ યાત્રિકો તથા સાધુ-સાધ્વીજી ભગવંતોનો લાભ મળ્યો હતો.*

✡. *સંવત ૨૦૭૯ છ'ગાઉ યાત્રા તારીખ ૦૫/૦૩/૨૦૨૩ના રોજ સંપન્ન થઈ તેમાં ભક્તિના પાલ ૯૮ અને સંઘ પૂજનના પાલ ૪૦ થયેલ હતા. તેનો યાત્રિકોએ લાભ લીધેલ હતો.*

✡. *સંવત ૨૦૭૯ ફાગણ વદ-૮ તારીખ ૧૫/૦૩/૨૦૨૩ના રોજ પૂજ્ય શ્રી આદીશ્વર ભગવાનના જન્મ અને દીક્ષા કલ્યાણક નિમિત્તે અઢાર અભિષેક સંપન્ન થયેલ.*

✡. *સં.૨૦૭૮ ચૈત્ર સુદ-૧૫ શ્રી પુંડરીકસ્વામી દેવવંદન વિધિ માટે ગિરિરાજ ઉપર કુલ ૧૧ સ્થળોની ફાળવણી કરવામાં આવેલ જેમાં જુદા જુદા ગ્રુપ મળીને અંદાજે ૧૭ ગ્રુપે તેનો લાભ લીધેલ હતો.*

✡. *સં.૨૦૭૮ વૈશાખ સુદ-૩ વર્ષીતપના નોંધાયેલ ૮૬૬ તપસ્વીઓના પારણાની સુંદર વ્યવસ્થા પારણા ભવન ખાતે કરવામાં આવેલ હતી.*

✡. *શાશ્વત શત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં આવેલ આદપુર સિધ્ધવડ ખાતે ફાગણ સુદ-૧૩ છ'ગાઉની મહાયાત્રાનો પ્રસંગ દર વર્ષે થાય છે જેમાં ૮૦ કાયમી પાલ તથા ડ્રોથી ૧૫ થી ૨૦ પાલની ફાળવણી કરવામાં આવે છે. તે ઉપરાંત ૧૨ ગાઉની યાત્રા, છ'રીપાલિત સંઘોના ઉતારા તેમજ નવ્વાણુ અને ઉપધાન થાય છે. તેમજ વિવિધ અનુષ્ઠાનો માટે હાલ દરેક આયોજકોએ મંડપ વિ. વ્યવસ્થા કરવી પડે છે તે ધ્યાનમાં લઈ પાકા પાલ બનાવવાનું નક્કી કરેલ છે. પાકા પાલ બનાવવાનું કામ પ્રગતિ પર છે.*

## શ્રી જુનાગઢ તીર્થનો અહેવાલ

**જીર્ણોદ્ધારના કામની વિગત**

**પૂર્ણ થયેલા કાર્યો :**

- *મુખ્ય જિનાલયમાં અમીઝરાની ભમતીના પગથીયાનું પી.સી.સી. નું કામ.*
- *શ્રી અમીઝરા પાર્શ્વનાથ જિનાલયમાં ઉપરના રંગ મંડપમાં પબાસણનું કામ.*
- *શ્રી અંબિકા માતાના મુગટનુ ઓપ કામ, શ્રી સુમતિનાથ ભગવાનનુ ઓપકામ તેમજ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનુ ઓપકામ.*
- *શ્રી અમીઝરા પાર્શ્વનાથ જિનાલયમાં નાના ચરણપાદુકાને લેપકામ-ઓપકામ.*

**ચાલતા કાર્યો :**

- *મુખ્ય જિનાલયના પીઢીયામાં સીસમના લાકડાનું કામ પૂર્ણ.*

**સિવિલના કામનો રિપોર્ટ :-**

- *સંગ્રામ સોની પરિસરમાં નેચરલ કુંડ - ૨માં પાણીનો સંગ્રહ વધારવા માટે કુંડની દિવાલની ઊંચાઈ વધારવામાં આવી.*
- *સંગ્રામ સોની જીનાલય પરિસરમાં વરસાદી પાણીનાં નિકાલ માટે નીક બનાવવાનું કામ પૂર્ણ થયેલ છે. બ્રાસની જાળી લગાવવાનું કામ બાકી છે.*
- *જ્ઞાન વાવમાં નવો કુંડ બનાવવાનું કામ.*
- *શ્રી ગીરનારજી ઉપર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સોલાર સિસ્ટમ લગાવવામાં આવેલ છે.*
- *શ્રાવક વિશ્રાંતિ શેડ, સ્ટાફ ક્વાર્ટર, ધર્મશાળાની રૂમો તેમજ ઓફીસની ઉપર વોટર પ્રુફીંગનું કામ.*
- *સી.પી.ડબલ્યુ.ડી.માં જૂની રૂમોની ઉપર નવી ૬ રૂમો તથા ૨ હોલ બનાવવાનું કામ ચાલુ છે.*
- *જ્ઞાન વાવમાં વરસાદી પાણીના નિકાલ માટે નીક બનાવવાનું કામ.*

**જયતળેટી**

- જુનાગઢ જય તળેટીએ શ્રી આદીશ્વરદાદાના નુતન જિનાલય તથા જય તળેટી રંગ મંડપ પર ચણતર કામ.
- તળેટી સંકુલમાં સોલાર સિસ્ટમ.

**બાબુ વંડા**

- જુનાગઢ સ્થિત બાબુ વંડા ખાતે પણ ધર્મશાળાના રૂમોમાં જરૂરિયાત મુજબનું રિપેરિંગ કામ થયેલ છે.
- બાબુ વંડા ધર્મશાળા ખાતે વર્ષ દરમ્યાન ૨૯૬૨ યાત્રિકોએ ધર્મશાળામાં ઉતારો લીધો હતો.

**અન્ય વિગત :-**

- કાંતાબા સંકુલમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં ૯૫૮૮ સાધ્વીજી ભગવંત તથા ૧૩૫૫ સાધુ ભગવંતોનો લાભ મળ્યો હતો.
- કાંતાબા સંકુલમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં ૮૦૦૦ જેટલા પરિવાર ઉપરાંત ૪૫ જેટલા નાના મોટા સંઘ પધારેલ હતા.
- કાંતાબા સંકુલ ભોજન શાળામાં વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન ૮૫૩૮૦ જેટલા યાત્રિકોએ લાભ લીધેલ હતો. ઉપરાંત એકાસણા, બિયાસણા, આયંબિલનો લાભ મળ્યો હતો.
- તારીખ ૧૯.૦૩.૨૦૨૩ થી ૨૧.૦૩.૨૦૨૩ સુધી તળેટી સમગ્ર પરિસર તથા ગિરનારજી ઉપરની તમામ ટૂંકો તથા પૂજ્ય દાદાના અઢાર અભિષેકનો પ્રસંગ આચાર્ય ભગવંતો તથા અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં સાનંદ સંપન્ન થયો.
- તારીખ ૧૦/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ દરમ્યાન ચાર ૯૯ યાત્રા સંપન્ન થયેલ હતી.
- શ્રી ગિરનારજીમાં વર્ષ દરમ્યાન ૧૦ જેટલા છ'રી પાલિત સંઘો પધાર્યા હતા.
- તા. ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ સુધી કુલ - ૧,૭૨,૭૮૦ યાત્રિકોએ ગિરનારજી ઉપર દર્શન પૂજાનો લાભ લીધેલ હતો.

✧. તારીખ ૦૨/૦૪/૨૦૨૨ થી શ્રી ગિરનારજી તીર્થમાં પ્રક્ષાલ પૂજા માટે ભાઈઓ માટે બેલ્ટ બાંધવા તથા બહેનોને પાસ આપવાનું ચાલુ કરેલ છે.

## કુંભારીયાજી તીર્થ

✧. તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩સુધીમાં કુલ ૩૧ શ્રમણ ભગવંતો તથા ૪૪ શ્રમણી ભગવંતોએ તીર્થના દર્શનનો લાભ લીધો. પૂજ્યશ્રીઓ માટે સંપૂર્ણ વ્યવસ્થા પેઢી તરફથી કરવામાં આવી હતી.

✧. વર્ષ દરમ્યાન તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં ૨૦,૬૬૦ જેટલા યાત્રાળુઓ ધર્મશાળામાં ઉતર્યા હતા.

✧. વર્ષ દરમ્યાન તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં ૯૨,૩૨૧ દર્શનાર્થીઓએ તીર્થનાં દર્શન- પૂજનનો લાભ લીધો.

✧. વર્ષ દરમ્યાન તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં તીર્થની ભોજનશાળામાં ૬૪,૩૨૬ યાત્રિકોએ લાભ લીધેલ હતો.

**જીર્ણોધ્ધારના કામની વિગત–**

✧. કુંભારીયાજી તીર્થમાં આવેલ શ્રી નેમિનાથ જિનાલનું અને શ્રી સંભવનાથ દાદાના દેરાસરમાં કામ પૂર્ણ થયેલ છે. ત્રણ જિનાલયમાં ભમતીની દેરીઓનું ૯૫ ટકા કામ પૂર્ણ થયેલ છે. આ દેરીઓમાં પ્રતિમાજી બેસાડવાના છે, જિનાલયની આગળના ભાગમાં ફ્લોરીંગનું કામ પણ હાથ ધરેલ છે. આ ત્રણે જિનાલયમાં પાછળના ભાગમાં જૂના ખંડિત પરિકરોની પરિકર શાળા બનાવેલી છે, કુંભારીયાજીના પાંચ જિનાલયોમાં બ્રાસની રેલીંગ અન્ય પીત્તળના સપોર્ટ વગેરે અને જાળી વગેરેનું કામ.

✧. કુંભારીયાજી તીર્થમાં આવેલ પાંચ જિનાલયનું જીર્ણોદ્ધારનું કામ

✧. કુંભારીયાજી તીર્થમાં સુંદર પરિકરશાળાનું નિર્માણ કાર્ય.

## તારંગાજી તીર્થ

**જીર્ણોધ્ધારનાં કામની વિગત –**

**પૂર્ણ થયેલા કાર્યો :**

✡. *સિદ્ધશિલા, નંદીશ્વર દ્વીપ, અષ્ટાપદજી ચૌમુખજીના જીર્ણોધ્ધારનું કાર્ય.*

✡. *શ્રી કુંથુનાથજી જિનાલયનાં શિખરનું મઠારકામ તથા જીર્ણોધ્ધારનું કામ.*

**ચાલતા કાર્યો :**

✡. *કોટિશિલાનું જીર્ણોધ્ધારનું કામ હાલ ચાલુ છે.*

✡. *યાત્રાએ પધારતા યાત્રિકોએ ફક્ત પૂજા કરીને તીર્થ સ્થાનેથી જવું હોય તેના માટે તીર્થ ખાતે નવા સ્નાનગૃહ કોમ્પ્લેક્ષનું નિર્માણ થઈ રહેલ છે.*

## શેરીસા તથા વામજ તીર્થ

**જીર્ણોધ્ધારના કામની વિગત :-**

✧. *તીર્થનાજિનાલયમાં વર્ષ દરમ્યાન ઘસાઈનું કાર્ય તથા કેસર રૂમ, પાણીની પરબ, શ્રી મણીભદ્ર વીર તથા શ્રી સરસ્વતી દેવીની દેરીઓમાં ઘસાઈ કાર્ય.*

**સિવિલના કામની વિગત**

**પૂર્ણ થયેલા કાર્યો**

✧. *તીર્થની જૂની ધર્મશાળાના રીનોવેશનનું કાર્ય તથા નવી ધર્મશાળા તથા હોલમાં કલરનું કામ.*

✧. *યાત્રિકો માટે પીવા માટે શુદ્ધ પાણીની વ્યવસ્થા કરવા નર્મદા કેનાલમાંથી પાણી લાવવાની કામગીરી.*

✧. *પૂજ્ય સાધ્વીજી મ.સા.ના ઉપાશ્રયમાં ફ્લોરિંગનું કામ*

**ચાલતા કાર્યો :**

✧. *શ્રી શેરીસાજીમાં નવા સ્નાનગૃહ કોમ્પ્લેક્ષનું કામ ચાલુ છે, જેનો ખર્ચ આશરે ૭૫ લાખ રૂપિયા છે. સંઘ રસોડાનું રીનોવેશનનું કાર્ય ચાલુ છે જેનો અંદાજીત ખર્ચ લગભગ ૧૫ લાખ જેટલો છે.*

## અન્ય વિગત -

- તીર્થ ખાતે સ્થિત ભાતાઘરમાં વર્ષ દરમ્યાન ૧૨,૮૦૨થી વધુ યાત્રિકોએ તેમજ ૧,૧૩૫ શ્રમણ- શ્રમણી ભગવંતોનો લાભ મળ્યો હતો.
- વર્ષ દરમ્યાન ૧૬૩૫થી વધુ સાધુ- સાધ્વીજીઓએ તીર્થનાં દર્શનનો લાભ લીધો.
- વર્ષ દરમ્યાન ૧,૮૬,૫૫૦થી વધુ યાત્રીઓએ દર્શન-પૂજનનો લાભ લીધો.
- મૌન એકાદશીના પ્રસંગે ૧૨૦ સાધર્મિકોએ અઠ્ઠમ તપની આરાધના તેમજ પોષ ૧૦ના શુભ પ્રસંગે ૧૫૦ સાધર્મિકોએ તીર્થમાં રહીને અઠ્ઠમ તપની તપશ્ચર્યાનો લાભ લીધો.
- વર્ષ દરમ્યાન ૩ છ'રી પાલિતસંઘ દ્વારા દર્શન-પૂજા-ભક્તિનો લાભ લેવામાં આવ્યો.

## છાપરીયાળી પાંજરાપોળ

- છાપરીયાળી પાંજરાપોળમાં વર્ષારંભે કુલ ૨,૦૭૫ તેમજ માર્ચ માસનાં અંતે કુલ ૨,૪૨૪ પશુ હતા. વર્ષ દરમ્યાન કુલ ૨૮ પશુઓના પાંજરાપોળ સ્થિત હોસ્પિટલમાં ઓપરેશન કરવામાં આવ્યા, તથા કુલ ૨૧,૫૦૮ પશુઓની સારવાર કરવામાં આવી હતી.
- વર્ષ દરમ્યાન તારીખ ૦૯/૦૬/૨૦૨૨ થી ૧૫/૦૯/૨૦૨૨ સુધી માં કુલ ૨૬ઈંચ વરસાદ થયેલ છે. ચોમાસા દરમ્યાન ૩૦ ચેક ડેમ તથા ૪ તળાવ પૂર્ણ રીતે ભરાયેલ હતા. હાલ તમામ ચેક ડેમ તથા ૩ તળાવ ખાલી જેવા છે. એક તળાવમાં સામાન્ય પાણી છે.
- એપ્રીલ-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૩ દરમ્યાન ૫૬,૫૩,૩૫૨ કિલો ઘાસચારો વપરાયેલ છે. કુલ ૪,૪૬,૪૨૭ કિલો ઘાસચારો દાન પેટે પ્રાપ્ત થયેલ છે. પશુ દીઠ એવરેજ ખર્ચ રૂપિયા ૨૬.૩૯ થવા પામેલ છે.
- એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ દરમ્યાન ધરખેડ જમીનમાં મકાઈ, જુવાર, બાજરીની ઉપજ રૂપિયા ૪૩,૦૭,૫૦૩/- ની થયેલછે. જેની સામે વાવેતર ખર્ચ રૂપિયા ૨૩,૯૦,૬૫૦/- થયેલ છે.

✡. વર્ષ દરમ્યાન ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ, વલ્લભગઢ, હરિયાણા તરફથી રૂ. ૨,૮૮,૦૦૦/-ની સહાય પ્રાપ્ત થઈ, તેમજ ચાલુ વર્ષે ગુજરાત સરકારની ગૌમાતા પોષણ યોજના દ્વારા રૂપિયા ૪૯,૫૬,૯૬૦ની મંજુર થયેલ અનુદાન પ્રાપ્ત થયેલ છે.

**વિશેષ**

✡. તારીખ ૦૨/૦૭/૨૦૨૨નાં રોજ પ્રાદેશિક પ્રતિનિધિઓની વાર્ષિક મીટીંગમાં જીવદયા ડોનેશન માટે (૯૦૦૦ * ૨૫ =૨,૨૫,૦૦૦/-) વિનંતી કરેલ. કુલ ૧૪ પ્રતિનિધિશ્રીઓ દ્વારા રૂપિયા ૩૮,૯૧,૬૦૦/ - નું ડોનેશન પાંજરાપોળને પ્રાપ્ત થયેલ છે.

## રાણકપુર તીર્થ

**જીર્ણોધ્ધારના કામની વિગત**

**પૂર્ણ થયેલા કાર્યો**

✧. શ્રી રાણકપુર તીર્થમાં જિનાલયની ૭૬ દેરીઓનાં શિખરની સફાઈનું કાર્ય.

✧. મુખ્ય જિનાલયની અંદરની બાજુમાં તેમજ શ્રીપાર્શ્વનાથ પ્રભુ તથા શ્રી નેમિનાથ પ્રભુનાં જિનાલયમાં રીપેરીંગ તથા સફાઈનું કામ.

**સિવિલ કામ :-**

**પૂર્ણ થયેલા કાર્યો :**

✧. રાણકપુર તીર્થમાં સૂર્ય મંદિર તરફની કંપાઉન્ડ વોલની ઉંચાઇ વધારવાનું કામ થયેલ છે.

✧. રાણકપુરમાં સાધારણ પરિસરના સંપૂર્ણ નવીનીકરણ માટે માસ્ટર પ્લાન બની રહેલ છે.

✧. જમનાભાઈ ભગુભાઈ ધર્મશાળામાં રિપેરિંગનું કામ.

**અન્ય વિગત :-**

✧. શ્રી રાણકપુર તીર્થમાં ફાગણ સુદ-૫ તારીખ ૨૪/૦૨/૨૦૨૩ના રોજ વર્ષગાંઠ નિમિતે ધરણાશા પરિવાર દ્વારા વંશપરંપરાગત ધ્વજા ચઢાવવામાં આવી હતી આ પ્રસંગે ૭૦૦ લોકોએ સ્વામી-વાત્સલ્યનો લાભ લીધેલ.

✧. શ્રી રાણકપુર તીર્થમાં તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં ૪,૯૬,૪૦૫ સાધાર્મિક યાત્રિકોએ દર્શન-પૂજનનો લાભ લીધો જેમાં ૩૨,૭૮૭ વિદેશી પર્યટકો દર્શનાર્થે પધાર્યા હતા.

✧. શ્રી રાણકપુર તીર્થમાં વર્ષ દરમ્યાન ૧૬૫ શ્રમણ-શ્રમણી ભગવંતોએ દર્શનનો લાભ લીધેલ.

✧. તીર્થમાં વર્ષ દરમ્યાન ૨૫ સંઘોએ દર્શન-પૂજનનો લાભ લીધેલ.

✧. તારીખ ૦૭/૧૨/૨૦૨૨ ના રોજ જી-૨૦ દેશોના પ્રતિનિધિશ્રીઓ દ્વારા શ્રીરાણકપુર તીર્થની મુલાકાત લેવામાં આવી. તીર્થની કલાકૃતિનો વૈભવ જોઈને તેઓ ભાવવિભોર થયા હતા. પેઢી તરફથી તેઓનું ઉચિત સ્વાગત કરવામાં આવેલ.

✧. તીર્થની ભોજનશાળામાં ૧,૧૧,૦૦૯ લોકોએ લાભ લીધો હતો.

## શ્રી મુછાળા મહાવીર તીર્થ

**જીર્ણોધ્ધારના કામની વિગત**

**પૂર્ણ થયેલા કાર્યો :**

✧. શ્રીમુછાળા મહાવીર તીર્થમાં ૨૨ દેરીઓની નક્શી, ઘસાઈ અને પોલીસનું કાર્ય.

✧. પટશાળાની અંદર ઘસાઈ અને પોલીસનું કાર્ય પૂર્ણ.

✧. મૂળનાયક ભગવાનના રંગમંડપનું કાર્ય પૂર્ણ.

✧. શ્રી અધિષ્ઠાયક દેવની દેરી બહાર ઓટલાનું કામ.

**ચાલતા કાર્યો :-**

✧. ૧૧ દેરીઓમાં પબાસણનું કામ.

## સિવિલના કામના વિગત

- મુખ્ય દેરાસરમાં વોટર પ્રૂફિંગનું કામ.

## અન્ય માહિતી

- તીર્થમાં તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ દરમ્યાન ૫૪૯૮૮ સાધર્મિકોએ દર્શન-પૂજનનો લાભ લીધો. તીર્થમાં પધારેલા સાધુ-સાધ્વીજીની સંખ્યા ૭૩ હતી.
- વર્ષ દરમ્યાન કુલ ૯૨ નાના-મોટા સંઘો આવેલ હતા.
- દર વર્ષે શ્રી મુછાળા મહાવીર તીર્થમાં કારતક સુદ-૧ના દિવસે દ્વારોદ્‌ઘાટન પછી મૂળનાયક ભગવાનને નિર્વાણ લાડુ ધરાવવામાં આવે છે. તથા વૈશાખ સુદ-૮, તારીખ ૨૮/૦૪/૨૦૨૩ના દિવસે વર્ષગાંઠનો પ્રસંગ પણ આનંદથી સંપન્ન થયેલ છે.
- શ્રી મુછાળા મહાવીર તીર્થમાં વાર્ષિક મેળો કારતક સુદના ૧૫ દિવસ આવે છે જેમાં મૂળનાયક ભગવાન તથા અધિષ્ઠાયક દેવને આંગી તથા દેરાસરમાં પંચકલ્યાણક પૂજા કરવામાં આવે છે.

## મક્ષીજી તીર્થ

- વર્ષ દરમ્યાન ૧૫,૧૭૬ જેટલા યાત્રિકોએ ભોજનશાળામાં લાભ લીધો હતો.
- પોષ દસમના મેળામાં લગભગ ૪,૫૦૦ લોકોની હાજરી હતી.
- મક્ષીજી તીર્થમાં વર્ષ દરમ્યાન ૧,૦૨૫ સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા.
- વર્ષ દરમ્યાન આશરે ૩૬,૨૯૭થી વધુ યાત્રિકોએ તીર્થની વંદના-પુજા તથા દર્શનનો લાભ લીધો હતો.
- પોષ દસમનાં શુભ પ્રસંગે આયોજિત ત્રિ-દિવસીય કાર્યક્રમમાં તથા સ્વામી-વાત્સલ્યમાં ૩,૫૦૦થી વધુ સાધર્મિકોએ લાભ લીધો હતો.

## અમદાવાદ (રાજનગર)

**જીર્ણોધ્ધારના કામ ની વિગત –**

◇. *અમદાવાદ ખાતે જમાલપુર વિસ્તારમાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના જીનાલયના સંપૂર્ણ જીર્ણોધ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે.*

**અમદાવાદ સ્થિત પેઢી હસ્તક વૈયાવચ્ચ વિભાગની વિગત**

◇. *વર્ષ દરમ્યાન પેઢી દ્વારા શ્રમણ-શ્રમણી ભગવંતોની વૈયાવચ્ચનો ઉત્કૃષ્ટ લાભ લેવામાં આવ્યો. પૂજ્યશ્રીઓને પાતરા, કાપડ, ઉપકરણ, તાંબાની કથરોટ, વગેરે વ્હોરાવવામાં આવી. અલગ-અલગ સમુદાયોના કુલ ૧,૨૬૬ સાધ્વીજી ભગવંતો તેમજ ૧૫૦ સાધુ ભગવંતો કુલ ૧,૪૧૬ મહાત્માઓનો લાભ મળેલ છે.*

## પેઢીની વેબસાઈટ

**www.anandjikalyanjipedhi.org**

*હાલમાં આ વેબસાઈટ ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં કાર્યરત છે.*

*વેબસાઈટમાં પેઢીનો પરિચય તીર્થોની માહિતી, મહત્ત્વના પ્રસંગો, પેઢી તરફથી પ્રકાશિત કરવામાં આવતા પ્રકાશનો અંગેની માહિતી, પેઢીની પ્રવૃત્તિઓ, આંગી તિથી તેમજ ભાતા તિથીમાં લાભ લેવા અંગેની અરજીના ફોર્મ, જીર્ણોદ્ધાર, વર્ષીતપ પારણા અંગેના ફોર્મ તીર્થોના નકશા વગેરે માહિતી ઉપલબ્ધ છે.*

*સમય સમય પર પેઢીના વિવિધ પ્રસંગો તેમજ ઉત્સવો આયોજન અંગે વિશેષ માહિતી વેબસાઈટ પર વિવિધ બેનર દ્વારા મુકવામાં આવે છે. જેથી સાધર્મિકોને પેઢીના કાર્યો/પ્રસંગો અંગેની જાણકારી સરળતાથી મળી રહે.*

*પેઢીની અલગ અલગ શાખાઓમાં ઘી બોલીની રકમ, જનરલ દાન તેમજ પાલીતાણા સુવર્ણ મહોત્સવની રકમ ઉપરાંત શેઠ આણંદજી કલ્યાણજી છાપરીયાળી પાંજરાપોળ સાર્વજનિક ટ્રસ્ટમાં જનરલ દાન તેમજ જીવદયા પ્રતિપાલક યોજનાની રકમ પણ પેઢીની ઉપરોક્ત વેબસાઈટ પરથી ઓનલાઈન જમા કરાવી શકાય છે. ઓનલાઈન જમા આવેલ રકમની ખરાઈ કર્યા બાદ જે તે દાતાને ઈ-મેઈલ દ્વારા ઓનલાઈન રસીદ પણ મોકલી આપવામાં આવે છે.*

## શેત્રુંજી નદી વિશે તમે શું જાણો છો ?

*પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મ.સા.*

*ગીરના જંગલમાં વસતા સિંહને એશિયાખંડની શોભા તરીકે જોવામાં આવે છે. આ સિંહની સંખ્યા ૨૦૦ થી ૨૬૦ની વચ્ચે છે. આ સિંહની પ્રજાતિ વિશે દુનિયાના દરેક દેશમાં વિધવિધ સ્તરે ચર્ચા વિચારણા થતી હોય છે. મજાની વાત એ છે કે ગીરના સિંહને પીવાનું પાણી શેત્રુંજી નદી પાસેથી મળે છે. એવું દશ્ય એક આખા ઈલાકામાં જોવા મળે છે. શેત્રુંજી નદીની કોતરોમાં સિંહ, સિંહણ અને સિંહબાળ ખેલતા હોય છે. શેત્રુંજી નદીના કાંઠે મોટી શિલા પર, વનરાજ ચારેય પગ ફેલાવીને સૂતો હોય એવું દશ્ય રોજનું થઈ ગયું છે. કેશવાળીવાળું માથું શેત્રુંજી નદીના પાણી તરફ ઝૂકાવીને પાણી પી રહેલા વનરાજને જોનારા મંત્રમુગ્ધ બની જતા હોય છે. શેત્રુંજી નદીના તીરે ભીની માટી પર સિંહના પંજાના નિશાન પડેલા હોય છે. એની આજુબાજુ બેસીને સેલ્ફી લેનારા યુવાનોની સંખ્યા ઘણી મોટી છે.*

*જૈન હોવાના નાતે તમે શેત્રુંજી નદી વિશે સાવ ન જાણતા હો એવું તો ન જ બને. 'શેત્રુંજી નદી નાહ્યો નહીં, એનો એળે ગયો અવતાર,' આ કડી લગભગ બધા જ ગાતા હોય છે. નિયમિત રીતે શેત્રુંજી નદીને દર વરસે જુહારવા કેટલા જણા જાય છે તે પ્રશ્નનો જવાબ પાંગળો છે. શેત્રુંજય તીર્થની યાત્રાએ જે જાય છે તે સૌ પણ નવટૂંકમાં જાય જ છે એવું નથી. જેમ નવટૂંક જનારા યાત્રાળુ ઓછા છે તેમ શેત્રુંજી નદીને જુહારવા જનારા જૈનો ઘણાં જ ઓછા છે.*

*શેત્રુંજી નદીને જૈનોની ઉપેક્ષાવૃત્તિથી કાંઈ ફેર પડતો નથી. એ તો સોરઠની મા જેવું ગૌરવ પામી છે. લાખો મનુષ્યો જંદગીભર શેત્રુંજી નદીના પાણી પીએ છે. લાખો પરિવારના વસ્ત્ર, વાસણ, ઘરને સ્વચ્છ રાખવામાં શેત્રુંજી નદીના પાણી જ બારેય માસ, દિવસ રાત વાપરતા હોય છે. અમરેલી અને ભાવનગર શહેર શેત્રુંજી નદીના ધાવણ પીતા આવ્યા છે.*

*નવાણું યાત્રા કરનારો જૈન, એકવાર ત્રણ ગાઉની ફેરીએ જાય છે ત્યારે શેત્રુંજી નદીને રોહીશાળા પાસેથી જોઈ લે છે. આ સિવાય શેત્રુંજી નદીને મળવાનું*

એનેય યાદ નથી આવતું અને જે નવાણું કરતા જ નથી તેઓ ત્રણ ગાઉની ફેરી કરવાના નથી એટલે એમને શેત્રુંજી નદી યાદ આવતી નથી. સાવ જ કોઈ નથી આવતું આ નદી પાસે, એવું નથી. અમુક જૈનો શેત્રુંજી નદીના તીરે સમયે સમયે બરાબર પહોંચતા હોય છે. જેટલો મહિમા આ નદીનો છે એની તુલનામાં વિચારીએ તો લાગે કે આ નદીને જુહારનારા ઘણાં જ ઓછા છે.

શેત્રુંજી નદીને બે દૃષ્ટિએ જોઈ શકાય છે. શાસ્ત્રીય દૃષ્ટિએ અને સરકારી દૃષ્ટિ એ. બેય રીતે આ નદી મહાન પુરવાર થાય છે. સૌ પ્રથમ શાસ્ત્રીય દૃષ્ટિએ બે વિચારીએ.

૧. ગઈ ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી કેવળજ્ઞાની ભગવાનના જન્મકલ્યાણક પ્રસંગે ઈશાનેન્દ્ર વૈતાઢ્ય પર્વત પાસે શાશ્વત નદી ગંગાનું એક વહેણ પ્રગટાવ્યું હતું. એ નદી વરસો સુધી ગુપ્ત રીતે વહેતી હતી. પાછળથી તે શેત્રુંજય પર્વત પાસેથી પ્રકટ થઈ. આમ તો આ ગંગા નદી છે પરંતુ તેને શેત્રુંજય નદી આ નામ મળ્યું છે. જૂનું નામ શત્રુંજ્યા.

   આ મુદ્દામાં બે વાત અગત્યની છે. એક, આ મૂળતઃ ગંગા નદી છે. બે, ગંગાને આ તરફ લાવનાર ઈન્દ્ર છે, ઈશાન ઈન્દ્ર.

૨. એક રાજા હતો. નામ શાંતન. (શાંતનું નહીં.) એને ચાર દીકરા હતા. નીલ, મહાનીલ, કાલ, મહાકાલ. દરેક દીકરાના જન્મ વખતે રાજાને મોટા મોટા સંકટ આવ્યા. ધીમે ધીમે તે સમૃદ્ધિની રીતે બરબાદ થઈ ગયો. રાજ્ય ગુમાવી દીધું. આ રાજાને ધરણેન્દ્રે જણાવ્યું હતું કે 'તું છ મહિના શેત્રુંજી નદીના જ કિનારે નિવાસ કર. આ જ નદીનું પાણી પીવાનું રાખ. અનાજ, ફળ અને વનસ્પતિ તે જ વાપરજે જે આ નદીની માટીમાં, આ નદીના પાણીથી ઉગેલા હોય. આ નદીના જળથી સ્નાન કરજે અને એ રીતે સ્વચ્છ થયેલા દેહે શેત્રુંજયની સ્પર્શના કરજે. ચોક્કસ તપશ્ચર્યાપૂર્વક આ રીતે તું છ મહિના નદી કાંઠે વીતાવીશ તો તારા સંકટ નષ્ટ થઈ જશે.'

રાજા ધરણેન્દ્રના માર્ગદર્શન અનુસાર ચારેય દીકરા સાથે છ મહિના રહ્યો. એના તમામ સંકટ ખતમ થઈ ગયા. તે રાજા ત્યારબાદ ચોસઠ લાખ વર્ષ સુધી રાજ્યવૈભવ સાથે જીવ્યો. સુખે જીવ્યો. છેવટે દીક્ષા લઈ ગિરિરાજ પરથી મોક્ષે ગયો. એના પરિવારને પણ મોક્ષ મળ્યો.

સૂર્યદેવે શેત્રુંજી નદીના કિનારે જિનમંદિર બંધાવેલું તે અત્યંત પ્રભાવશાળી હતું. શાંતન રાજાએ રોજ આ મંદિરમાં જિનપૂજા કરી હતી. એમાં પણ ઈશાનેન્દ્ર જ પ્રેરણાદાતા.

૩. સૌધર્મઈન્દ્ર. એણે ભરતચક્રવર્તીને જણાવેલું કે 'શત્રુંજય પર્વત પાસે ચૌદ મહાનદીઓ વહે છે. ઐન્દ્રી, નાગેન્દ્રી, અમલહ્નદા વગેરે નામ છે. દરેક નદીનું પ્રાગટ્ય ઈન્દ્ર અથવા દેવ દ્વારા થયેલું છે.'

આ મહિમા સાંભળ્યા બાદ ભરત ચક્રવર્તીએ આ શેત્રુંજી નદીમાં સ્નાન કર્યું હતું. નદીમાં જ ઉગેલા કમળ તેમજ નદી કાંઠે ઉગેલા ફૂલ તેણે લીધા હતા, કળશામાં નદીનું પાણી ભર્યું હતું. એ બધું સાથે લઈને તે ગિરિરાજ પર ચડ્યા હતા તેમજ એ જ કમળ, ફૂલ અને જળથી આદિનાથ દાદાની ભક્તિ કરીને તે પુલકિત બન્યા હતા.

(ઈશાન ઈન્દ્ર, ધરણ ઈન્દ્ર અને સૌધર્મઈન્દ્ર અલગ અલગ સમયે શેત્રુંજી નદીનું માહાત્મ્ય વર્ણવે છે તેનાથી એ સમજાય છે કે આ નદી દેવી દેવતાઓની પ્રિય નદી છે.)

૪. ભરત ચક્રવર્તીના સમયમાં વિમલગિરિના બે શિખરની વચ્ચેથી આ નદી વહેતી હતી. અત્યારે શેત્રુંજી નદીના સામા કિનારે કદંબગિરિ અને અન્ય ટેકરીઓ જોવા મળે છે. આ કિનારે સિદ્ધિગિરિ, હસ્તગિરિ તેમજ અન્ય ટેકરીઓ જોવા મળે છે. અને એ તો સૌ જાણે છે કે કદંબગિરિ એ ગિરિરાજનો જ એક ભાગ છે.

૫. આ નદી કિનારે ઉગેલાં વૃક્ષોના ફળ વાપરે અને આ નદીનું પાણી પીએ, આવું જે છમાસ સુધી કરે છે તેના, વાત-પિત્ત-કુષ્ટ આદિ રોગોનો નાશ થાય છે. આ નદીના જળનો સ્પર્શ, કાંતિ, કીર્તિ, લક્ષ્મી, બુદ્ધિ,

ધૃતિ, પુષ્ટિ અને સમાધિ આપે છે. આ નદીની માટી શરીર પર લગાડવાથી શરીરના રોગો દૂર થઈ જાય છે.

આ આખી વાત આયુર્વેદ અને નિસર્ગોપચારને મળતી આવે છે. આવા ભૌતિક સ્વાર્થ માટે નદી પાસે જવાનું હોય નહીં. આ મહિમાગાન છે. નદીના પ્રભાવનું વર્ણન કરવા માટે આ રીતે રજૂઆત કરવામાં આવે છે. આવી શક્તિનું વર્ણન કરવામાં આવે તેમાં અસત્ય કશું હોતું નથી. આ ગૌરવગાનમાં જ જણાવ્યું છે કે 'શેત્રુંજી નદીના જળ દ્વારા સ્નાન કરવાથી પાપ ચાલ્યા જાય છે.'

૬. સૌધર્મ ઈન્દ્ર ભરત ચક્રવર્તીને જણાવેલી વાત ગજબનાક છે : જેમ દેવોમાં સૌથી મુખ્ય છે આદિનાથ પ્રભુ. જેમ તીર્થોમાં સૌથી મુખ્ય છે સિદ્ધાચલજી. તેમ નદીઓમાં સૌથી મુખ્ય છે શેત્રુંજી નદી.

આ એકથી છ સુધીના ઉલ્લેખો મુખ્યત્વે શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથના છે. સરકારી દૃષ્ટિએ પણ શેત્રુંજીની વાત ટૂંકા પાનાની નથી, લાંબી છે.

ક. શેત્રુંજી નદીની લંબાઈ બસ્સો સત્યાવીસ કિલોમીટરની છે. અર્થાત્ નદીનો આરંભ થાય છે તે જગ્યાએથી લઈને આ નદી દરિયામાં ભળે છે તે સ્થાન સુધીની લંબાઈ ૧૪૧ માઈલની છે. આ નદીનો કેચમેન્ટ એરિયા ૫૬૩૬ સ્કવેર કિલોમીટરનો છે.

ખ. આ નદીને ગીરના જંગલમાં વહેનારી નદી તરીકેનું સમ્માન મળ્યું છે. વિકિપિડિયા જણાવે છે કે અમરેલી જિલ્લામાં ધારી ગામ પાસે આવેલ ચાંચાઈ ટેકરીમાંથી આ નદી નીકળે છે અને તળાજાની પાસે ખંભાતના અખાતમાં એનો સમુદ્ર સંગમ થાય છે.

ગ. ગળધરા ધોધ એ શેત્રુંજી નદીનો ખૂબસૂરત જળધોધ છે. વોટરફોલ. આ ધારીની પાસે છે. નદીના પાણી ૫૦ ફૂટની ઉંચાઈથી નીચે ખાબકે છે. લીલાછમ પાણીમાં ફૂટતા ફીણના ગોટા જોવા વરસે દહાડે લાખો સહેલાણીઓ અહીં આવે છે. જળપ્રપાતની ઉંચાઈના એક કિનારે ખોડિયાર માતાનું મંદિર છે. તેની પાછળ ઘણું જૂનું રાયણવૃક્ષ છે. ગિરિરાજ ઉપર

રાયણવૃક્ષ છે એની જેમ શેત્રુંજીના કાંઠે અહીં રાયણવૃક્ષ છે. શું અત્રે પધાર્યા હશે શ્રી ઋષભદેવ ભગવાન ? કલ્પના રોમાંચક છે.

ઘ. ઈ.સ. ૧૯૫૯માં શેત્રુંજી ડેમ બંધાયો. આ ડેમના પાણી, ૫૬૦૦૦+૮૬૦૦૦ એકર જેટલી જમીનને ખેતી માટે સિંચે છે. સંદર્ભ સૂત્ર જણાવે છે કે Shetrunji supplies drinking water to bhavnagar. અર્થાત્ આખું ભાવનગર શેત્રુંજીના પાણી પર જીવે છે.

ચ. શેત્રુંજી નદી પર બીજો પણ એક મોટો ડેમ બનેલો છે તેની જાણ કેટલા જૈનોને છે ? આ ડેમનું નામ છે ‘ખોડિયાર ડેમ’. આ ડેમ સન્ ૧૯૬૭માં બન્યો. આ ડેમ ૧૧૯ ફીટ ઉંચો છે. ઉદ્‌ગમબિંદુથી લગભગ ૫૫ કિલોમીટર પર બનેલા આ ડેમને લીધે આખાયે અમરેલીને પીવાનું પાણી મળે છે. અમરેલી તાલુકાના ૨૪ ગામમાં શેત્રુંજી નદીના પાણીથી સિંચાઈ થાય છે. ગામની બહારના ખેતરોની સિંચાઈ. તમે વિચારો. કેટલા ખેતરો સિંચાતા હશે, ભાઈ ?

છ. શેત્રુંજી નદીના સમાચાર ચોમાસામાં ભયાવહ હોય છે. ગીરના જંગલમાં શેત્રુંજીના પૂર કેવો વિનાશ નોતરે છે તેનો અહેવાલ વાંચીએ તો કંપારી છૂટી જાય.

સન્ ૨૦૧૫, ૧૧ જુલાઈના સમાચારમાં ડી.એન.એ. જણાવે છે કે દસ જેટલા સિંહ, ૮૦ હરણ અને ૧૬૭૦ નીલગાય પૂરમાં તણાઈને મરણ પામ્યા. નદી મોટી હોય તો જ આવા રમખાણ મચે. પાલીતાણામાં ચોમાસામાં પૂર ચડે છે ત્યારે જે રૌદ્રરૂપ હોય છે નદીનું, તે જોનારા જ સમજી શકે કે શું આ નદી છે.

જ. નાનકડી એવી નદી નથી શેત્રુંજી. આ મહાનદી છે. જે નદી અન્ય નદીમાં ભળી જાય તે કેવળ નદી રહે છે. જે નદી દરિયામાં ભળે તેને મહાનદી કહેવાય છે. તળાજાની આગળ આ નદી સમંદરમાં ભળે છે. તે પૂર્વે આ નદી શેલ, ખારી અને તળાજી નદીને એક નકિનારેથી જોડે

છે તો સાતાલી, ઢબી, રાજાવલ, ઘેલો અને ખારો આ નદીને બીજા કિનારેથી જોડે છે. મતલબ કે કુલ સાત નદીઓ આ મહાનદી સાથે જોડાયેલી છે. આ નદીનો સમુદ્ર સંગમ કેટલા જૈનોએ જોયો હશે ? ભાવનગરથી મુંબઈ માટે ઉડનારી ફ્લાઈટ ટેક ઓફ કરે તે વખતે બારીમાંથી નીચે નજર રાખનારને પહેલા અલંગ દેખાય, ને તે પછી આ નદીની રેખા દરિયામાં ભળતી જોવા મળે છે. આ દશ્ય એકાદ મિનિટમાં પાછળ રહી જાય છે. જેણે જોયું તેણે મને જણાવ્યું અને આ લો, મેં તમને જણાવ્યું. શિલ્પશાસ્ત્ર કહે છે કે જ્યાં નદી દરિયામાં ભળે તે તીર્થભૂમિ જેવી પવિત્ર ભૂમિ કહેવાય. શેત્રુંજી નદી તો સ્વયં તીર્થ નદી છે. એ દરિયામાં ભળે તે દશ્ય પણ પવિત્ર અને તે સ્થાન પણ પવિત્ર. ગૂગલ મેપના ફોટાઓ જોઈને આ સમુદ્ર સંગમનું સ્થાન શોધી શકાય છે. ત્યાં સુધી જવાનો રસ્તો હશે જ. કોઈક ત્યાં જાય ને જુઓ તો ત્યાંના વાતાવરણનો સાચો અંદાજ આપી શકે. શેત્રુંજી નદી સંબંધી શાસ્ત્રીય અને સરકારી વિગતો વાંચ્યા બાદ એક વાત તો બરોબર સમજાય છે કે આ નદીનું ગજું મોટું છે.

આ નદી માટે આજની તારીખે શું કરી શકાય ? જે સૂઝે છે તે આ મુજબ છે.

૧. નવાણું યાત્રાના નિશ્રાદાતા ગુરૂ ભગવંત સળંગ ત્રણ દિવસ કેવળ શેત્રુંજી નદી ઉપર જ વ્યાખ્યાન આપે. શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથમાંથી ઘણાં મુદ્દા મળી આવે છે.

૨. દરેક નવાણુના આયોજકો રોજરોજ એક નાની ટીમને શેત્રુંજી નદીના પાણી લેવા મોકલે. આ ટીમ, જલદેવતા સંબંધી મંત્રો બોલીને પાણી ભરે. આ પાણી જય તળેટીએ અને દાદાના દરબારમાં અભિષેક વખતે અર્પિત થાય. ચોમાસામાં પણ આ રીતે તળેટીનો લાભ મળી શકે.

૩. જેટલા યાત્રાળુઓ ગિરિરાજ જાય છે તેઓ સાંજે શેત્રુંજીના દર્શન કરવા અવશ્ય જાય.

૪. એકથી વધુ દિવસ જેઓ રોકાય તેઓ શેત્રુંજી નદીના જળ લેવા જા અને એ જળ લઈને ઉપર ચડવું છે તેવા ભાવ રાખે.

૫. શત્રુંજયથી હસ્તગિરિ જવાના રસ્તે શેત્રુંજી નદી જોવા મળે છે. હસ્તગિરિ પહોંચવાની ઉતાવળ કર્યા વગર, શેત્રુંજી નદી પાસે બેસવાનો સમય મળે તે રીતે જ પ્રવાસ ગોઠવવો.

૬ એક વાર સવાર અથવા એક સાંજની ભક્તિનો કાર્યક્રમ શેત્રુંજીના કિનારે જ રાખવો. ત્રણેક કલાક નદીના સંગે રહેવાનો લાભ મળે.

આ કાર્યક્રમમાં શેત્રુંજી સંબંધી સ્તવના અને સ્વાધ્યાય જ કેન્દ્રમાં રહે તેનું ધ્યાન રાખવું. (શેત્રુંજી નદી સ્તવના આ જ અંકમાં છપાયેલી છે.)

૭. પદયાત્રા સંઘનો એક પડાવ નદીના તીરે જ હોય તે રીતે છરીપાલક સંઘને શેત્રુંજી નદી સાથે જોડવાનું વિચારવું.

૮. સવારે અથવા સાંજે શેત્રુંજી નદીના કિનારે ધ્યાન સંબંધી કાર્યક્રમ રાખી શકાય. જાપ, મંત્રોચ્ચાર આદિ દ્વારા સાત્ત્વિકતાનું સર્જન નદીકાંઠે થાય.

૯. નવાણું ન કરી રહ્યા હોય તેવા મહાનુભાવો પણ શેત્રુંજી નદીના કિનારે સ્નાન કરે અને રોહિશાળા માર્ગેથી ઉપર આરોહણ કરે એવી યાત્રાનુ ગોઠવી શકાય.

૧૦. પાલીતાણાની તમામ ધર્મશાળાઓ, જિનાલયો તેમજ શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી - આ સૌ મળીને કોઈ એક દિવસને શ્રી શેત્રુંજી નદી દિન તરીકે ઉજવે. એ દિવસે શેત્રુંજીના કાંઠે સૌનો સામૂહિક મેળો યોજાય. એને શેત્રુંજીનો મેળો એવું નામ આપો તોય ચાલે.

આવું ઘણુંય થઈ શકે છે. એક વિધાન મળે છે કે, શેત્રુંજી નદીની જ માટીથી માટલા બનાવડાવવા. એ માટલામાં શેત્રુંજી નદીના જ પાણી ભરવા. એ માટલામાં ભરેલું પાણી માથે ચડાવીને યાત્રા કરતાં જે દાદા આદીશ્વર પાસે પહોંચે છે અને એ માટલાના જળ થકી દાદાનો અભિષેક કરે છે તે શીઘ્ર મોક્ષગામી બને છે.

એક અન્ય વિધાન પણ મળે છે. કે 'જે સંઘપતિ છરીપાલક લઈને આવે તે શેત્રુંજીનું જળ અને અન્ય તીર્થોના જળ મંગાવીને તેના દ્વારા દાદાનો અભિષેક કરે. આ રીતે અભિષેક કરનાર સંઘપતિને તીર્થંકર, ઈન્દ્ર કે ચક્રવર્તીનું પદ મળે છે..

શેત્રુંજી નદી ચોમાસામાં રૌદ્ર હોય છે. શિયાળામાં સૌમ્ય હોય છે, ઉનાળામાં ક્ષીણ હોય છે. મેઘાણી સાહેબની કથાઓમાં ક્યાંક શેત્રુંજી વણાયેલી જોવા મળે છે. શેત્રુંજી ડેમ પરથી સિંહ પસાર થતા હોય એવું દૃશ્ય ચર્ચામાં આવતું રહે છે. ભંડારિયા ગામથી શેત્રુંજી નદી અઢી કિલોમીટર દૂર છે. ભંડારિયાના કોઈ ઉંચા મકાન પરથી શેત્રુંજીને જુઓ તો તમને એના વિશાળ પટ સામે ગિરિરાજ નાનકડો લાગશે. ગિરિરાજ પૂરેપૂરો પડછાયો આ નદીમાં જોવા મળે છે. મેં આ પડછાયો, ભંડારિયાથી પણ જોયો છે, કદંબગિરિ પરથી પણ જોયો છે અને શેત્રુંજી ડેમ પરથી પણ જોયો છે. અદ્‌ભુત લાગે છે. 'પાતાળે જસ મૂળ છે,' આ પંક્તિનો સાક્ષાત્કાર થાય છે જાણે. હસ્તગિરિની મોક્ષભૂમિની ટેકરીની પાછળ નીચે શેત્રુંજી દેખાય છે તે નઝારો એકદમ અલગ છે. હસ્તગિરિ પાછળથી કદંબગિરિ જવાય, ઉનાળાના દિવસોમાં આખો પટ સૂકાયેલો હોય છે ત્યારે. આવી યાત્રાનો આનંદ મેળવ્યો છે. વચ્ચે એકાદ બે ક્ષીણધારા કૂદવી પડે બાકી પાણી ન હોય. તો જેઠ વદમાં આ નદીને અડોઅડ જતી પાયવાટ પરથી વિહાર કર્યો છે, હસ્તગિરિથી સિદ્ધગિરિ. પ્રચંડ હવા, ઉછળતાં પાણી અને દૂર દૂર સુધીનો જળ વિસ્તાર. ક્યારેય ન ભૂલાય તેવો અનુભવ.

-પ્રબુદ્ધજીવન

(ફેબ્રુઆરી-૨૦૧૭માંથી-સાભાર)

**પેઢીના જિર્ણોદ્ધાર વિભાગ દ્વારા :**

એપ્રિલ-મે-જુન-૨૦૨૩ દરમ્યાન જિર્ણોદ્ધાર ખાતે ૧૪ સંઘોને ૮૭ લાખ તથા નૂતન જિનાલય નિર્માણ માટે ૯ સંઘોને ૩ કરોડ ૮૮ લાખનો સહયોગ આપીને દેવદ્રવ્યમાંથી લાભ લેવામાં આવ્યો હતો.

## પેઢી સંચાલિત તીર્થોમાં થયેલ આરાધના

### શ્રી શત્રુંજય મહાતીર્થ

તા. ૦૧-૦૧-૨૦૨૩થી ૩૦-૦૬-૨૦૨૩ સુધી શાશ્વત ગિરિરાજ શત્રુંજય મહાતીર્થની યાત્રાર્થે ત્રણ લાખ તેત્રીસ હજાર યાત્રિકો પધાર્યા હતા.

૭ નવ્વાણુ યાત્રાઓ, ૩ દીક્ષા ઉત્સવ, ૪૪૦ પૂજા વગેરે અનુષ્ઠાનો સંપન્ન થયા હતા.

છ'રી પાલિત સંઘોની સંખ્યા ૪૦ જેટલી હતી. વાહનો દ્વારા ૨ સંઘો પધાર્યા હતા.

પાલીતાણા શહેર ખાતે નીચે પ્રમાણેના દેરાસરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ.

૧. શ્રી આદિનાથ જિનાલય, મોટા દેરાસરની ૨૬૩મી વર્ષગાંઠ દિવસ મહા સુદ-૦૨ તા. ૨૩.૦૧.૨૦૨૩

૨. શ્રી શીતલનાથ ભગવાનની મોટા દેરાસરની ૩૪મી વાર્ષગાંઠ દિવસ મહા સુદ-૦૬ તા. ૨૭.૦૧.૨૦૨૩

૩. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદા જિનાલય, જશકુંવર પેઢીની ૫ મી વર્ષગાંઠ દિવસ મહા સુદ-૦૫ તા. ૨૬.૦૧.૨૦૨૩

૪. શ્રી મહાવીરસ્વામી જન્મ કલ્યાણક વરઘોડા દિવસ ચૈત્ર સુદ-૧૩ તા.૦૪.૦૪.૨૦૨૩

૫. શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદા જિનાલયની ૮૯મી વર્ષગાંઠ દિવસ જેઠ સુદ-૧૧ તા.૩૧.૦૫.૨૦૨૩

૬. શ્રી ચંદ્રપ્રભુસ્વામી દેરાસર હજારીનિવાસ ધર્મશાળાની વર્ષગાંઠ દિવસ જેઠ સુદ-૧૦ તા. ૩૦.૦૫.૨૦૨૩

## શ્રી ગિરનારજી મહાતીર્થ

*શ્રી નેમિનાથ ભગવાનના ૩ કલ્યાણકથી પાવન બનેલી ભૂમિ શ્રી ગિરનારજી મહાતીર્થ ખાતે (તા. ૧-૪-૨૦૨૩થી ૩૦-૬-૨૦૨૩સુધી)*

*૩૭ હજાર ૮૭૫ જેટલા યાત્રિક ભાઈ - બહેનોએ જિનાલયોના દર્શન-પૂજન-વંદન કરીને ભાવભરી ભક્તિ કરી હતી.*

*૪ આચાર્ય ભગવંત, ૨ ઉપાધ્યાય ભગવંત, ૧ પંન્યાસજી સહિત ૧૨૫ જેટલા પૂજન શ્રમણ-શ્રમણી ભગવંતોના પદાર્પણથી આ તીર્થ ભૂમિ ધન્ય બની હતી.*

*નાના મોટા ગ્રુપમાં ૧૦૦ જેટલા સંઘો વાહન દ્વારા યાત્રાર્થે પધાર્યા હતા.*

## શ્રી રાણકપુર મહાતીર્થ

*તા. ૧-૪-૨૦૨૩ થી ૩૦-૪-૨૦૨૩ દરમ્યાન ૫૯ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબ તીર્થ વંદના માટે પધાર્યા હતા.*

*દર્શન-પૂજન-સ્તવના-ભક્તિ માટે પધારેલા યાત્રિકોની સંખ્યા ૮૪,૩૯૨ રહી હતી.*

*૩૮૨૨ જેટલા વિદેશી મહાનુભાવોએ દર્શન કર્યા હતા. દેરાસરના કળા વૈભવ તથા શિલ્પસ્થાપત્યને નિહાળીને તેઓ ધન્ય બન્યા હતા.*

*૧૧ સંઘો દ્વારા ૮૭૬૩ યાત્રિકો યાત્રાર્થે પધાર્યા હતા.*

*તા. ૨૪-૩-૨૩ના દિવસે અક્ષયતૃતીયા પ્રસંગે વરસીતપના પારણાનું આયોજન થયું હતું. સ્વામિવાત્સલ્યમાં ૫૦૦ લોકોએ લાભ લીધો હતો.*

## તારંગા તીર્થ

*૩ હજાર ૨૪૦ યાત્રિકો યાત્રાર્થે પધારીને દર્શન-પૂજા, ભક્તિનો લાભ લીધો હતો.*

*૨૯ જેટલા સંઘો (વાહન દ્વારા) યાત્રાર્થે પધાર્યા હતા.*

*૪ આચાર્ય ભગવંતો સહિત ૩૮ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજના પગલા તીર્થ ભૂમિ ઉપર પડ્યા હતા.*

**કુંભારિયાજી તીર્થ**

તીર્થની યાત્રાર્થે પધારનારા યાત્રિકોની સંખ્યા ૨૭,૧૩૨ જેટલી રહી હતી.

૩ પૂજ્ય આચાર્ય ભગવંતો સહિત ૪૫ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબ તીર્થ ભૂમિની સ્પર્શના માટે પધાર્યા હતા.

વાહનો દ્વારા આવેલ ૧૬ સંઘોએ તીર્થક્ષેત્રમાં પધારીને, આરાધના-ઉપાસના કરીને જીવનને ધન્ય બનાવ્યું હતું.

**શ્રી શેરીસા તીર્થ**

અમદાવાદથી ૪૦ કિલોમીટર દૂર શ્રી શેરીસા મહાતીર્થ ખાતે તા.૦૧.૦૪.૨૦૨૩થી ૩૦.૦૬.૨૦૨૩ સુધીમાં ૫૫૦ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના પગલા થયા હતા. (૩૧ જેટલા આચાર્ય ભગવંતો સહિત) ૨ સિદ્ધચક્ર મહાપૂજન, ૨ શિબિર, ૧ ગણીપદવી મહોત્સવ, ૧૦ પૂજાઓ વગેરે અનુષ્ઠાનો - કાર્યક્રમોના આયોજનમાં સહુ ભાવભક્તિસભર સહભાગી બન્યા હતા.

તીર્થ યાત્રા માટે પધારનારા યાત્રિકોની સંખ્યા ૫૩૩૪ જેટલી હતી.

વાહન દ્વારા ૫ સંઘો યાત્રાર્થે પધાર્યા હતા.

**શ્રી મક્ષીજી તીર્થ**

માલવાંચલના મુગટમણિ સમાન મક્ષીજીતીર્થની યાત્રાર્થે તા.૦૧.૦૪.૨૦૨૩ થી તા.૩૦.૦૬.૨૦૨૩ સુધી

૬ હજાર જેટલા યાત્રિકો પધાર્યા હતા અને પરમાત્માના દર્શન-વંદન-પૂજન કરીને ધન્ય બન્યાહતા.

વૈશાખ સુદ-૮ના દિવસે મુખ્ય જિનાલય તથા બાવન દેરીઓ ઉપર ધ્વજા ચઢાવવામાં આવી હતી.

**શ્રી મૂછાળા મહાવીર**

મૂછાળા મહાવીરજી તીર્થમાં ૧-૪-૨૦૨૩થી ૩૦-૦૬-૨૦૨૩ સુધી ૧૨ હજાર ૪૫૫ યાત્રિકો પધાર્યા હતા.

૧૩ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબના પગલા થયા હતા.

વાહનો દ્વારા આવેલા ૧૧ સંઘોમાં ૯૭૯ યાત્રિકોએ પૂજા-સેવા-ભક્તિનો લાભ લીધો હતો.

## શ્રી શત્રુંજય યુવક મંડળ દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓ

*શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના સંપૂર્ણ સદ્‌ભાવપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન સાથે શ્રી શત્રુંજય યુવક મંડળ છેલ્લા ૨ વર્ષથી પાલીતાણા અને એની આજુબાજુના ગામોમાં સ્વરોજગાર, આરોગ્ય, ભણતર, ગોચર વિકાસ, સંસ્કાર સિંચન જેવી અને સેવા પ્રવૃત્તિઓના માધ્યમથી વિવિધ કાર્યો કરી રહ્યું છે તે નીચે મુજબ છે.*

૧. *ઝવેરચંદ મેઘાણી શાળાના પ્રવેશદ્વારનું નિર્માણ,*
   - *લાયબ્રેરીનું નિર્માણ તથા*
   - *ભોજન એવં ભજનખંડનું નિર્માણ ૩ લાખના ખર્ચે.*

૨. *ઝવેરચંદ મેઘાણી સ્કુલમાં બે સાયકલનું દાન.*

૩. *પ્રાચીન પરંપરા પ્રમણે ઝવેરચંદ મેઘાણી શાળામાં બેઠક વ્યવસ્થાનું અનુદાન*

૪. *ઝવેરચંદ મેઘાણી સ્કુલની વ્યાયામ શાળામાં સાધનો આપી મજબૂત સ્વાસ્થ્ય માટેનો પાયો માંડ્યો.*

૫. *હડમતીયા શાળામાં પિત્તળના ૩૦૦ સેટ(થાળી, વાટકા, ગ્લાસ અને ચમચી)નું યોગદાન.*

૬. *જામવાળી શાળામાં લાઈટનું ફિટિંગ.*

૭. *ભંડારીયા શાળામાં બોરવેલ માટે અનુદાન.*

૮. *સ્વામી વિવેકાનંદ શાળામાં ભોજન એવં ભોજનખંડનું નિર્માણ ૩ લાખના ખર્ચે.*

૯. *સોનપરી શાળાના પ્રવેશ દ્વારનું નિર્માણ.*

૧૦. *૧૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ માટે જિલ્લા ખેલ મહોત્સવમાં ભોજનનું આયોજન.*

૧૧. *વિદ્યાર્થીઓ માટે ૨૦૨૧માં ૧૩૦૦૦ ફુલ સ્કેપ બુકનો સહયોગ ૨૦૨૨માં ૧૮૦૦૦ ફુલસ્કેપ બુકનો સહયોગ અને ૨૦૨૩માં ૨૪૦૦૦ ફુલસ્કેપ બુકનો સહયોગ.*

૧૨. પાલિકા દ્વારા સંચાલિત સિંધી સ્કૂલમાં છાત્રોને પ્રિન્ટરનું દાન સાથે સાથે સંસ્કાર વધે એવા ઘણા પ્રયોગો.

૧૩. અલગ અલગ શાળામાં અમારા કાર્યકર્તાઓ દ્વારા મોટીવેશનલ પ્રોગ્રામ.

૧૪. ગરીબ અને નિરાધાર બાળકો માટે ઓપન સ્કુલનું આયોજન.

૧૫. સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેનાર બાળકો માટે પુસ્તકોના પ્રત્યેક સેટની કિંમત રૂા.૮૫૦૦/- થી વધારે છે. એવા ૨૫ સેટ અલગ અલગ ગામોમાં નિઃશુલ્ક આપવામાં આવ્યા.

૧૬. કુપોષિત બાળકો માટે ચેકઅપ કેમ્પ.

૧૭. આદપુરગામ (સિદ્ધવડ)માં ૯ દિવસીય સાંસ્કૃતિક, રમત ગમત, મીઠાઈ વિતરણ અને લોક વિકાસના કાર્યક્રમ.

૧૮. મહિધર ગામમાં પશુઓ માટે અવેડાનું નિર્માણ.

૧૯. અલગ અલગ ગામડાઓમાં સ્વાસ્થ્ય સારું થાય એના માટે કાર્યક્રમનું આયોજન.

૨૦. ગણધોળ ગામમાં પણ આદપુરની જેમ જ ૯ દિવસીય કાર્યક્રમ.

૨૧. સંજય રાવલ દ્વારા ૩૦૦ થી વધુ લોકોનો વ્યસનમુક્તિ અને જીવનની પ્રગતિલક્ષી મોટીવેશનલ પ્રોગ્રામ.

૨૨. પાલીતાણા શહેરની માનસિંહજી હોસ્પિટલમાં ફ્રી મેડીકલ કેમ્પ અને ૧૪૦૦ જેટલા દર્દીઓની નિઃશુલ્ક સારવાર, પાલીતાણાના તમામ સરકારી અધિકારી માટે સારવાર કેમ્પ.

૨૩. કોરોના દરમ્યાન ઉત્કૃષ્ટ કાર્ય માટે કોરોના વોરિયર અને ગિરિરાજ ઉપર લાગેલી આગથી રક્ષા કરનાર ગિરિરાજ રક્ષકોનું બહુમાન.

૨૪. ૪ નિઃશુલ્ક દવાખાના આદપુર, જીવાપુર, ગણધોળ અને નાની પાણીયાળી ગામમાં ચાલુ કરવામાં આવ્યા. જેમાં અત્યાર સુધીમાં ૧૦૦૦૦ થી વધુ દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી.

૨૫. ચિત્રખંડનું આયોજન કર્યું જેમાં લગભગ સમગ્ર પાલીતાણામાંથી ૧૦૦ જેટલા કલાકારોએ ભાગ લીધો. ૪૦૦થી વધારે મહાત્માઓએ દર્શન કર્યા અને ૧૦૦૦૦ થી વધારે લોકો પધાર્યા.

૨૬. શ્રી ગિરિરાજ પર કામ કરતા તમામ પૂજારીઓનું સન્માન.

૨૭. અલગ અલગ મહત્મા દ્વારા સંસ્કાર શિબિરો અને નશામુક્તિ માટે પ્રવચનના આયોજનથી જનજનના હૃદયને સ્પર્શવાનો પ્રયાસ.

૨૮. અલગ અલગ ક્ષેત્રોમાં બાળકોને ખેલકૂદ અને શિક્ષણ માટે શિષ્યવૃત્તિ આપી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટેનો પ્રયાસ.

૨૯. જીવાપુર ગામમાં સ્મશાન માટે શેડનું નિર્માણ.

૩૦. આદપુર ગામમા લાઈબ્રેરીના નિર્માણ બાદ પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈ તથા કલેક્ટર (ભાવનગર), જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ઉદ્‌ઘાટન

૩૧. હસ્તગિરિ ગામમાં હસ્તલેખન શીખવાડવાની ટ્રેનિંગ.

૩૨. આત્મનિર્ભર પાલીતાણા અંતર્ગત ૧૫૦ થી વધારે બહેનોને રોજગાર અને સાથે સાથે સ્કિલ ડેવલપમેન્ટના કાર્ય.

૩૩. કોરોના દરમ્યાન રાહત કાર્યો જેમ કે રોગપ્રતિકારક ઉકાળા અને અનાજની કીટો.

૩૪. ડુંગરપુર ગામમાં ખેલકૂદ મેદાનનું નિર્માણ.

૩૫. ગણધોળ ગામમાં જંગલી જાનવરોનો ખૂબ આતંક હતો. તેથી ગામમાં આઝાદીના ૧૦૦ વર્ષ પછી સ્ટ્રીટ લાઈટ લગાડી સમગ્ર ગામ ભયમુક્ત કર્યું.

૩૬. પોલીસ વેલ્ફેર ફંડમાં રૂપિયા ૫૨૦૦૦નું અનુદાન.

૩૭. ગ્રામ ઉદ્ધાર કાર્ય અંતર્ગત બળદથી ચાલતી તેલની ઘાણી બનાવવામાં આવી.

૩૮. ઘેટી ગામમાં ૩૦ વીઘા ગૌચર જમીન માટે તારનું ફેન્સીંગ.

૩૯. ઘેટી ગામમાં ૧૦ થી વધારે વાઈટ બોર્ડનું દાન.

૪૦. આદપુર અને ગણધોળ આશા ગામ માટે પાણી વ્યવસ્થા અને પાણીની લાઈન નાખવામાં આવી.

તે કાર્યો પાછળનો ઉદ્દેશ સમગ્ર પાલિતાણા દરિદ્રતામુક્ત, વ્યવસનમુક્ત અને ઉચ્ચ જીવન મૂલ્યો સાથે સંસ્કારો અને સંસ્કૃતિથી સમૃદ્ધ બને તે છે.

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત
## પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબ વૈયાવચ્ચ વિભાગ

*તા.૦૧.૦૪.૨૦૨૩ થી ૩૦.૦૬.૨૦૨૩ સુધીમાં ૩૮૭ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા. પૂજ્યોને જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી બને અને એમની સંયમયાત્રામાં આવશ્યક એવી વસ્તુઓનો લાભ મળ્યો હતો*

*આ સમય દરમ્યાન ૧૧ લાખ ૧૧ હજાર જેટલી રકમ આ માટે વપરાઈ હતી.*

## પેઢીની વેબસાઈટ

**www.anandjikalyanjipedhi.org** *ની મુલાકાત લો.*

*આ વેબસાઈટમાં પેઢીનો પરિચય, તીર્થોની માહિતી, મહત્ત્વના પ્રસંગો, પેઢી તરફથી પ્રકાશિત કરવામાં આવતા પ્રકાશનો અંગેની માહિતી, પેઢીની પ્રવૃત્તિઓ, આંગી તિથિ તેમજ ભાતા તિથિમાં લાભ લેવા અંગેની અરજીના ફોર્મ, જીર્ણોદ્ધાર, વર્ષીતપ પારણા અંગેના ફોર્મ વગેરે માહિતી ઉપલબ્ધ છે.*

*પેઢીની અલગ અલગ શાખાઓમાં ઘી બોલીની રકમ, જનરલ દાન તેમજ પાલીતાણા સુવર્ણ મહોત્સવની રકમ ઉપરાંત શેઠ આણંદજી કલ્યાણજી છાપરીયાળી પાંજરાપોળ સાર્વજનિક ટ્રસ્ટમાં જનરલ દાન તેમજ જીવદયા પ્રતિપાલક યોજનાની રકમ પણ પેઢીની ઉપરોક્ત વેબસાઈટ પરથી ઓનલાઈન જમા કરાવી શકાય છે.*

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
*(રવિવાર તથા રજાના દિવસો સિવાય)*

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર,૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક,ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. :૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



# શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)

અનેક અબોલ જીવોનો વિસામો

## જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

**જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!**

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
PUNJAB NATIONAL BANK
(સંજીવની રોડ બ્રાંચ) અમદાવાદના સેવિંગ્સ
A/C 0524000100066781 માં (IFSE CODE - PUNB0097100)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

**શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ**
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**